Y8P1B9

# 12 મધ્યયુગીન ભારત

ભારતીય ઇતિહાસમાં 7મીથી 19મી સદી સુધીના આશરે બારસો વર્ષના સમયગાળાને મધ્યયુગ કહે છે. જેમાં સમ્રાટ હર્ષ (ઈ.સ. 647)ના અવસાનથી લઈને મરાઠી સત્તાના અંત (ઈ.સ. 1818) સુધીના ઇતિહાસનો સમાવેશ થાય છે. આ યુગના રાજકીય ઇતિહાસના મુખ્ય ત્રણ પેટા વિભાગો પડે છે : (1) રાજપૂત યુગ (ઈ.સ. 647 થી 1192) (2) સલ્તનત યુગ (ઈ.સ. 1206 થી 1526) (3) મુઘલ યુગ (ઈ.સ. 1526 થી 1707) અને મરાઠા યુગ (ઈ.સ. 1720 થી 1818). આ યુગોમાં ભારતના ઇતિહાસના નોંધપાત્ર રાજવીઓ થઈ ગયા. જેમાં સ્વાભિમાની અને મહાન રાજપૂત શાસક મહારાણા પ્રતાપ, બિનસાંપ્રદાયિક અને મહાન મુઘલસમ્રાટ અકબર, ન્યાયપ્રિય શાસક જહાંગીર, મહાન શાસક છત્રપતિ શિવાજી, શિલ્પ અને સ્થાપત્યપ્રેમી અને સુવર્ણયુગસર્જક શાહજહાઁ, ભવ્ય કલા અને સંસ્કૃતિપ્રેમી તથા દેશ-વિદેશમાં વિખ્યાત વિજયનગરનો સમ્રાટ કૃષ્ણદેવરાય, પ્રજાકલ્યાણવાદી રાજવી સિદ્ધરાજ જયસિંહ અને દક્ષિણ ભારતમાં નૌકા સામ્રાજ્ય ધરાવનાર ચોલવંશી રાજા રાજેન્દ્ર પ્રથમ જેવા ઉદારમતવાદી રાજવીઓનો સમાવેશ થાય છે, તો અલાઉદ્દીન ખલજી જેવા સુધારવાદી તેમજ વિસ્તારવાદી તથા ઔરંગઝેબ જેવા સાદગીપૂર્ણ છતાં ધર્માંધ શાસકો પણ આ જ યુગની દેન ગણાય છે.

## મધ્યયુગનો ઇતિહાસ જાણવા માટેનાં સાધનો

મધ્યયુગીન ભારતના ઇતિહાસનો અભ્યાસ કરવા માટે પૂરતા પ્રમાણમાં જે ઐતિહાસિક સાધનો પ્રાપ્ત થાય છે, તેના મુખ્યત્વે બે પ્રકાર પાડી શકાય તેમ છે : (1) લેખિત સાધનો અને (2) અલેખિત (અવશેષીય) સાધનો.

### લેખિત સાધનો

આ યુગમાં થઈ ગયેલા રાજાઓ, સુલતાનો, બાદશાહો વગેરે વિદ્વાનોને રાજ્યાશ્રય આપતાં તેમાંના મોટાભાગના લેખકો-ચિંતકો હતા. તેમના દ્વારા જે-તે રાજ્ય વિશે વિસ્તારપૂર્વક લખાયું છે. તે થોડીક મર્યાદાઓ બાદ કરતાં અત્યંત ઉપયોગી અને ઉપકારક છે. આ પૈકીની કેટલીક કૃતિઓ તથા તેના વિદ્વાન કર્તાઓ વિશે વિગતે જોઈએ.

મધ્યકાલીન હિંદમાં રચાયેલા કલ્હણકૃત 'રાજતરંગિણી' સાચા અર્થમાં ભારતનો સર્વપ્રથમ બહુસ્વીકૃત ઐતિહાસિક ગ્રંથ છે. તે કાશ્મીરના ઇતિહાસ વિશે ઘણી આધારભૂત માહિતી પૂરી પાડે છે. એ જ રીતે રાજપૂતોના વિદ્વાન રાજકવિ ચંદબરદાઈ રચિત 'પૃથ્વીરાજરાસો' પૃથ્વીરાજ ચૌહાણનાં વીરતાપૂર્ણ કાર્યોનું વર્ણન કરતો હિન્દીમાં લખાયેલો ગ્રંથ છે. 'વિક્રમાંકદેવ ચરિત' ગ્રંથમાં ચાલુક્ય રાજા વિક્રમાદિત્ય છઠ્ઠાની જીવનગાથા લખાયેલી છે. આ ઉપરાંત ભારતમાં ઇસ્લામનો પ્રવેશ થયો તે પછી સુલતાનો અને બાદશાહોએ અરબી, ફારસીગ્રંથો લખાવવાની શરૂઆત કરી, સિંધનો ઇતિહાસગ્રંથ 'ચચનામા' અરબીમાં લખાયેલ છે. તેમાં સિંધના બ્રાહ્મણ રાજાપુત્ર દાહિરને આરબોએ આપેલા પરાજય અને સિંધની તે સમયની પરિસ્થિતિનું વર્ણન છે.

ફારસી ભાષામાં લખવામાં આવેલ ઐતિહાસિક સાહિત્ય એ તુર્ક પ્રજાનું ભારતને કરવામાં આવેલ નોંધપાત્ર પ્રદાન છે. તુર્કોએ ભારતને ઇતિહાસ-લેખનની આરબ-ઈરાની પરંપરાથી જ્ઞાત કરાવ્યું. આ યુગમાં અનેક ઇતિહાસકારો થઈ ગયા. જેમાં 'તારીખે ફિરોજશાહી'ની રચના ઝિયાઉદ્દીન બરનીએ કરી. જેમાં ખલજી અને તુઘલક વંશના રાજ્યનું વિસ્તૃત વિવરણ કરેલ છે. તેમજ તેમણે સલ્તનત શાસનવ્યવસ્થાના સિદ્ધાંતો ઉપર 'ફતવા-એ-જહાઁદારી નામે ગ્રંથ લખ્યો. અમીર ખુશરો આ સમયનો નોંધપાત્ર સાહિત્યકાર હતો. તેણે 'ખઝાઈન-ઉલ-ફત્તુહ' અને 'કિરાત-ઉલ-સદાયન' નામે ગ્રંથો લખ્યા. તેણે પોતાનાં પુસ્તકોમાં ભારતની રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક સ્થિતિ વર્ણવી છે. તેમાં ખાસ કરીને અલાઉદ્દીન ખલજીનો ઇતિહાસ છે.

અનેક મુઘલ સમ્રાટો અને શાહી પરિવારના સભ્યો સારા લેખકો હતા. પ્રથમ મુઘલ સમ્રાટ બાબરે તુર્કી ભાષામાં 'તુઝુકે બાબરી' નામે પોતાની આત્મકથા લખી. જેનું ફારસીમાં 'બાબરનામા' નામે ભાષાંતર થયું. હુમાયુની બહેન ગુલબદન બેગમે 'હુમાયુનામા' લખ્યું, જેમાં હુમાયુની સિદ્ધિઓનું વર્ણન છે. જહાંગીરે પણ 'તુઝુકે જહાંગીરી' નામે આત્મકથા લખી. અબુલફઝલ જે અકબરના દરબારનો વિખ્યાત ઇતિહાસવિદ્ હતો, તેણે 'અકબરનામા' અને 'આઈન-એ-અકબરી' લખ્યું. તેમાં મુઘલ શાસકોની નીતિમત્તાનાં ધોરણો વિશે વિસ્તૃત માહિતી આપેલી છે. એક ઐતિહાસિક કૃતિ તરીકે આ ગ્રંથ ઘણો જ મૂલ્યવાન છે. અબ્દુલહમીદ લાહોરી, ખાફીખાન, મુહમદકાઝીમ અને સુજાનરાય મુઘલયુગના મહત્ત્વના ઇતિહાસકારો હતા. તેમના ગ્રંથોમાંથી મુઘલયુગ વિશે માહિતી મળે છે. આ ઉપરાંત મુહમદ હુસેન આઝાદ રચિત 'દરબારે અકબરી' મહત્ત્વનો ગ્રંથ છે.

## કેટલાક અન્ય ઐતિહાસિક ગ્રંથો

| | | |
|---|---|---|
| 'તહકીક-એ-હિન્દ' | - અલબેરૂની | મૂળ અરબી ગ્રંથ - ગઝનવીના આક્રમણ સમયના હિંદનું વર્ણન |
| 'તાજ-ઉલ-માશિર' | - મહમદ હસન નિઝામી | મૂળ તૂર્કી ગ્રંથ - ગોરીથી ઇલ્તુત્મિશકાલીન હિંદનું વર્ણન |
| 'કિરન-ઉસસાદેન' / 'નુહસીપીર'/ 'આશિકી'/ 'ખજા ઈનલ ફત્તુહ' વગેરે. | - અમીર ખુશરો | ગુલામ, ખલજી અને તુઘલકવંશકાલીન હિંદની માહિતી |
| મલિક મુહમ્મદ જાયસી | - 'પદ્માવત' | - રાણી પદ્માવતીને મેળવવા અલાઉદ્દીન ખલજીએ ચિતોડ પર કરેલ આક્રમણ અને તે સમયની રાજકીય સ્થિતિનું વર્ણન |
| અબ્દુલ હમીદ લાહોરી | - 'બાદશાહનામા' | - અકબરના સમયનું વર્ણન |
| ઔરંગઝેબ | - 'રૂકાવત-એ-આલમગીરી' | - ઔરંગઝેબની સિદ્ધિઓનું વર્ણન |
| અબ્બાસ સરવાણી | - 'ત્વારીખે શેરશાહી' | - શેરશાહની સિદ્ધિઓનું વર્ણન |
| ઈનાયત ખાઁ અને સાદિક ખાઁ | - 'શાહજહાઁનામા' | - શાહજહાઁના શાસનનું વર્ણન |
| કવિ ભૂષણ | - 'શિવબાવની' | - શિવાજી મહારાજની સિદ્ધિઓની ગાથા |
| સારંગધર | - 'હમીર રાસો' અને 'હમીર કાવ્ય' | - રણથંભોરના રાજવી-રાજપુતાના વિશે |
| સિકંદર મંજુ | - 'મિરાત-એ-સિકંદરી' | - સલ્તનત યુગના લોકજીવનની માહિતી |

## વિદેશી લેખકોના અહેવાલો

પ્રાચીન સમયથી વિદેશયાત્રીઓ ભારતમાં આવતા રહ્યા છે. તેમનાં વૃત્તાંતોમાંથી આપણને લોકજીવનની માહિતી અને રાજકીય ઇતિહાસ પ્રાપ્ત થાય છે. અગિયારમી સદીમાં અલબેરૂની મહેમૂદ ગઝનવી સાથે ભારત આવ્યો હતો. તેણે ઘણાં બધાં પુસ્તકો લખ્યાં. તેણે ભારતની સામાજિક સ્થિતિ, લોક રીતરિવાજો, આર્થિક, ધાર્મિક અને રાજકીય સ્થિતિની વિગતો ઉપરાંત ખગોળશાસ્ત્ર અને જ્યોતિષ વિશે પણ માહિતી આપી છે. તેણે લખેલા ગ્રંથોમાં ત્વારીખ-ઉલ-હિંદ (હિંદનો ઇતિહાસ) મુખ્ય છે. તે ઉપરાંત 11મી-12મી સદીમાં ચાઉ-જુ-કુઆ (ચીની), માર્કોપોલો (ઇટાલી)એ દક્ષિણ ભારતના પ્રદેશ અને વ્યાપાર વિશે 'Travels of Marcopolo' પુસ્તક લખેલ. તદુપરાંત વિજયનગરના સમ્રાટ કૃષ્ણદેવરાયની મુલાકાતે આવનાર ઇટાલિયન પ્રવાસી નિકોલો ડી.કોન્ટો, ડોમિંગોપાયસ (પોર્ટુગીઝ), ફર્નાન્ડો નૂનિઝ, ઇરાનના શાહરૂખખાનનો રાજદૂત અબ્દુર રઝાક તેમજ મુહમ્મદ તુઘલકના સમયે તેની સેવામાં કાઝી તરીકે રહેનાર આરબ પ્રવાસી ઇબ્ન બતુતાએ લખેલી નોંધો ઉપયોગી માહિતી પૂરી પાડે છે. સોળમી સદીના અંત પછી પોર્ટુગીઝો, ફ્રેંચો અને અંગ્રેજ મુસાફરોના ધાડેધાડાં ભારતની મુલાકાતે આવતાં હતાં. જેમાં સૌથી વધુ પ્રવાસીઓ મુઘલ બાદશાહ જહાંગીરના સમયમાં આવેલા છે. જેમાં મુખ્ય છે, વિલિયમ હોકિન્સ અને થોમસ રો. જેમણે લખેલી નોંધથી અનેક યુરોપિયન મુસાફરો-સાહસિકો ભારત આવવા આકર્ષાયા. જીન ટ્રેવેનિયર અને પિટર મુન્ડી (ઇટાલી) કુમાર વયે ભારત આવી. શાહજહાંના પુત્ર દારાસિકોહના લશ્કરમાં જોડાઈ ઔરંગઝેબનાં મૃત્યુ સુધી ભારતમાં રોકાઈને મહત્ત્વની નોંધો લખી. તો બર્નિયરે (ફ્રાન્સ) શાહજહાંના સમય સુધી રોકાઈને ભારતના ઇતિહાસ વિશેની નોંધો લખી.


**અલબેરૂની**

### જૈન ગ્રંથો

જૈન સાહિત્ય આપણા સામાજિક ઇતિહાસ માટે ઉપયોગી છે. આ સમયે જુદાં-જુદાં સ્થળોએ જૂના જૈનગ્રંથના ભંડારો હતા. તેમાં જૈન તેમજ અન્ય સાહિત્યના ગ્રંથો છે. કાગળ અને તાડપત્ર ઉપર હસ્તલિખિત પ્રતિઓ પાટણ, ખંભાત અને અમદાવાદના ગ્રંથભંડારોમાંથી પણ આ યુગની ઐતિહાસિક માહિતી પ્રાપ્ત થાય છે.

| | |
|---|---|
| મસ્જિદ | - કુવ્વત-ઉલ-ઇસ્લામ, જુમ્મા મસ્જિદ (દિલ્લી)<br>- ઢાઈ-દિન કા ઝોંપડા મસ્જિદ (અજમેર), અટાલા મસ્જિદ (જૌનપુર) |
| મકબરા | - હુમાયુનો મકબરો (દિલ્લી), તાજમહેલ (આગ્રા)<br>ગોળગુંબજ (બીજાપુર), ગ્યાસુદીન તઘલૂકનો મકબરો (દિલ્લી) |
| કિલ્લાઓ | - કુંભલગઢ, ચિતોડગઢ, રણથંભોર, આમેર (રાજસ્થાન) વગેરે, લાલ કિલ્લો (દિલ્લી)<br>આગ્રાનો કિલ્લો, ગોલકોંડા (આંધ્રપ્રદેશ), શિવાજી મહારાજના કિલ્લાઓ (મહારાષ્ટ્ર) |
| નવાં નગરો | - અમદાવાદ, ચાંપાનેર (પાવાગઢ), જૌનપુર, આગ્રા, તુગલકાબાદ, ફતેપુર સિકરી, ફિરોજાબાદ વગેરે નગરોની ઇમારતો અને સ્થાપત્યો |
| મહેલો | - હવામહેલ (જયપુર), ઉદેપુરના મહેલો વગેરે |

### અલેખિત (અવશેષીય) સાધનો

#### અભિલેખો :

આ સમયના મુસ્લિમ અભિલેખો અરબી, ફારસી અને ઉર્દૂમાં છે. 'કુવ્વત-ઉલ-ઇસ્લામ' મસ્જિદનો અભિલેખ ફારસી ભાષામાં લખાયેલો છે. તે મુસ્લિમ અભિલેખોમાં સૌથી જૂનો છે. 'એપિગ્રાફિકા-ઇન્ડો-મોસ્લેમિકા' ગ્રંથમાં મુસ્લિમ યુગના સાડા પાંચસોથી વધુ અભિલેખો પ્રકાશિત થયેલા છે.

#### સિક્કાઓ :

સિક્કાઓ ઉપરથી જ તે સમયની આર્થિક સમૃદ્ધિનો ખ્યાલ મેળવી શકાય છે. મહમદ ગઝનવીના સિક્કા પર કલમાનો સંસ્કૃત અનુવાદ કોતરેલો છે. અલાઉદ્દીન ખલજીના સિક્કા ઉપરનાં લખાણો તેણે મેળવેલા વિજયનો પુરાવારૂપ છે. અકબરના સિક્કાઓ તેણે સ્થાપેલા 'દિનેઇલાહી' ધર્મનો પુરાવો આપે છે. મહંમદ ઘોરી, ગ્યાસુદિન બલ્બન અને વિજયનગરના 'વરાહ' નામે સોનાના સિક્કાઓ તેમની આર્થિક સમૃદ્ધિની પરાકાષ્ટા દર્શાવે છે. તેમજ ઇલ્તુત્મિશે 'ટંકા' નામના ચાંદીના અને 'જીતલ' નામે તાંબાના સિક્કાઓ ચલણમાં મૂક્યા હતા. તે સર્વે જે-તે સમયની આર્થિક સ્થિતિનો ખ્યાલ આપે છે.



**વિજયનગર સામ્રાજ્યના સોનાના સિક્કા**

ભારતના ઇતિહાસમાં મધ્ય યુગ માટે ઘણાં બધાં ચિત્રો મળે છે. આ ચિત્રો, કિલ્લાની દીવાલો ઉપર અને ઘુમ્મટોમાં જોવા મળે છે. મુઘલયુગમાં ઘણા ચિત્રગ્રંથો જોવા મળે છે. આ ચિત્રોમાંથી મુઘલ દરબાર, જનાના મહેલ, શિકાર, રીતરિવાજ, પહેરવેશ, આભૂષણો, લશ્કરી આક્રમણ અને બાદશાહનું વૈભવી જીવન વગેરેનો ખ્યાલ આવે છે. 'હમ્ઝાહનામા' અને 'શાહનામા' ગ્રંથો મુઘલયુગના ચિત્રગ્રંથો છે.

### ઇસ્લામનો ઉદય અને અરબસ્તાન

ઈસુની 7મી અને 8મી સદી વચ્ચેનો સો વર્ષનો સમયગાળો વિશ્વના ઇતિહાસમાં આરબોના વર્ચસ્વનો ગણાવી શકાય. પશ્ચિમ ચીનથી લઈ સ્પેન સુધી એશિયા, યુરોપ અને આફ્રિકાના પ્રદેશોના મોટાભાગમાં ઇસ્લામી સામ્રાજ્ય આ સદીમાં સ્થપાયું હતું. વિશ્વની સંસ્કૃતિમાં તેણે એક નવી ઇસ્લામી સંસ્કૃતિનો ઉમેરો કર્યો અને આજ સુધી આ સંસ્કૃતિની કાયમી અસરો રહેલી છે. આ સંસ્કૃતિના સ્થાપક હતા મહંમદ પયંગબરસાહેબ.

તેમનો જન્મ અરબસ્તાનના મક્કા શહેરમાં થયો. તે સમયે આરબો નાની-મોટી ટોળીઓમાં વહેંચાયેલા હતા. દરેકને તેના અલગ-અલગ દેવો હતા. તેઓ કુળ અને ધર્મના નામે એકબીજા સાથે વેરઝેર રાખી લડતા-ઝઘડતા રહેતા. મહંમદ પયગંબરે આરબોને મૂર્તિપૂજામાંથી મુક્ત કર્યા. આ આરબો સૂર્ય, ચંદ્ર અને તારાની પણ પૂજા કરતા.

એમણે લોકોને ઉપદેશ આપ્યો કે, ઈશ્વર એક છે અને મહંમદસાહેબ તેના પયગંબર છે.


મક્કા - કાબા

મહંમદસાહેબના અવસાન પછીની દોઢ સદીમાં ઈસ્લામના વિસ્તાર માટે, એમના પછી ગાદીએ આવેલા અરબ રાજ્યના વડાઓ તરીકે 'ખલીફા' નામે ઓળખાતા. તેમણે ઈસ્લામના વિસ્તાર માટે પ્રયાસો કર્યા. આ માટે એમણે વિશાળ સૈન્ય તૈયાર કર્યું. આ આરબોનાં સૈન્યોનો સામનો કરવો એ મહાસાગરના મોજાઓનો સામનો કરવા બરાબર હતું. ઈરાની સામ્રાજ્ય તેમજ સ્પેન એમના સામ્રાજ્ય આગળ પડી ભાંગ્યું. એ જ અરસામાં આરબોની એક સેનાએ મહંમદ-બિન-કાસમની આગેવાની નીચે સિંધ ઉપર ચડાઈ કરીને સિંધ જીત્યું. આ વખતે ઈસ્લામની આગેકૂચ ત્યાં જ થંભી ગઈ. ઈસ્લામના વિસ્તાર માટેના બીજા તબક્કાના ઘડવૈયા હતા તુર્ક લોકો. આરબોના હાથમાંથી ઈસ્લામની નેતાગીરી પડાવી લઈ જગતભરમાં ઈસ્લામનો વિસ્તાર કરવાનું કાર્ય તેમણે કર્યું. તુર્કો પાસે બે જ વાતો હતી, કુરાન અને તલવાર. તેમાં બાંધછોડને કશો જ અવકાશ ન હતો. આ પછી ભારત સાથેના ઈસ્લામના અવિરત સંબંધોનો મહત્ત્વનો તબક્કો સલ્તનત શાસનથી શરૂ થાય છે.

### આરબોનાં ભારત પરનાં આક્રમણો

ભારત પર સમયાંતરે વિદેશી આક્રમણો થયાં. તેની શરૂઆત આરબોએ કરી. આરબોનું પ્રથમ આક્રમણ મુંબઈ-થાણે ઉપર થયું હતું. બીજું આક્રમણ વલભી ઉપર અને ત્રીજું આક્રમણ સિંઘ ઉપર મહંમદ-બિન-કાસીમે કર્યું. ત્યારબાદ મહંમદ ગઝનવીએ આક્રમણો કર્યાં. ત્યારબાદ શિહાબુદ્દિન મહંમદ ઘોરી નામના અફઘાને આક્રમણો કર્યાં. તે પછી ભારત પર ચઢી આવનાર આક્રમણકારોમાં ચંગેઝખાન (મંગોલ), નાદિરશાહ અને અહમદશાહ અબ્દાલી (અફઘાન) મુખ્ય હતા.

### વલભી આક્રમણ :

યુઅન-શ્વાંગ જેવા ચીની પ્રવાસીએ વલભીના ભર-પેટે વખાણ કર્યાં છે. શીલાદિત્ય પ્રથમથી સાતમા સુધીના શાસનકાળમાં આ નગર ઐશ્વર્ય, શિક્ષણ, વિદ્યા અને રાજસત્તાથી ધમધમતું રહેલું. તેનાથી પ્રભાવિત થઈ સિંધના સૂબેદાર જુનૈદે (આરબ) વલભીને ધમરોળી નાંખ્યું, પરિણામે વલભી વિદ્યાપીઠ પણ ધ્વસ્ત થઈ જવા પામી.

મોટેભાગે વલભીના વિનાશ માટે મલેચ્છો (મુસ્લિમો)ના આક્રમણોને જવાબદાર ગણવામાં આવ્યા છે. મુસ્લિમ ત્વારીખકાર ઈતિહાસવિદ અલબિરૂની પણ વલભી પર આક્રમણ કરનાર સિંધના અલમન્સુરા શહેરનો આરબ સૂબો હોવાનું નોંધે છે. તે મુજબ વલભીપુરના કાકુ નામના રાષ્ટ્રદ્રોહી વણિકે, આરબ સૂબાને વલભી પર આક્રમણ કરવા લલચાવ્યો. અન્ય આરબ ત્વારીખોમાં પણ ઈ.સ. 758ના નિષ્ફળ દરિયાઈ હુમલાઓ પછી ઈ.સ. 766માં અબ્દુલ મલિકે વલભી પર બીજો દરિયાઈ હુમલો કર્યાનું નોંધાયું છે.

8મી સદીમાં આરબ ખલીફાઓની જાહોજલાલીના કાળમાં ઈરાનના સૂબા અલહઝાજને ખુશ કરવા લંકાના રાજાએ કીમતી ભેટોથી ભરેલાં જહાજો મોકલ્યાં. આ જહાજોને દરિયાઈ ચાંચિયાઓએ સિંધના દેવલ બંદર પાસે લૂંટ્યાં. અહીંના દરિયા પર સિંધના રાજા દાહિરનું વર્ચસ્વ હતું. આથી કીમતી માલની ભરપાઈ કરવા અલહઝાજે કહેણ મોકલ્યું. એ બંદર પોતાની હદમાં આવતું નથી, તેમ જણાવી તેણે ચાંચિયાઓને પકડવાની પોતાની અસમર્થતા દર્શાવતાં અલહઝાજે ખલીફાની લશ્કરી મદદ માંગી. તેથી તેણે છ હજાર સૈનિકો અને શસ્ત્રસરંજામ સાથે મહમદ-બિન-કાસિમને આક્રમણ કરવા મોકલ્યો. આ મહમદ-બિન-કાસિમ ત્યારે માત્ર 17 વર્ષનો હતો અને ઈરાનનો રાજ્યપાલ હતો. રાજા દાહિર અને તેના સૈન્યએ વીરતાપૂર્વક મહંમદ અને તેના સૈન્યનો સામનો કર્યો. અંતે તેની નજીકના કેટલાક દેશદ્રોહી વ્યક્તિઓએ મહંમદ-બિન-કાસિમનો પક્ષ લેતાં દાહિરની હાર થઈ. રાજધાની-દેવલ બંદર લૂંટાયું. પ્રજા ઉપર અત્યાચાર થયો. દાહિરની રાણીઓ અને તેની સ્ત્રી-સહાયકોએ પણ શૌર્યતાપૂર્ણ સામનો કર્યો. પરંતુ અંતે તેમણે સ્વમાન ખાતર જૌહર (સામૂહિક અગ્નિસ્નાન) કર્યું.

દેવલનગર જીતી બિનકાસિમ આગળ વધ્યો અને સિંધના બ્રાહ્મણાબાદમાં દાહિરના પુત્ર જયસિંહ સાથે લડાઈ કરી, અંતે બ્રાહ્મણાબાદ તેના કબજામાં આવ્યું. ફરીવાર નજીકના દેશદ્રોહીઓને લીધે જયસિંહ હાર્યો. ત્યાંથી આગળ વધી બિનકાસિમે અલોર તથા મુલતાન જીતીને સમગ્ર સિંધપ્રદેશ પર મુસ્લિમ રાજસત્તા જમાવી.

બિનકાસિમના મૃત્યુ પછી દાહિરના પુત્ર જયસિંહે ફરીવાર સિંધ પર પોતાનો અધિકાર જમાવ્યો અને બ્રાહ્મણાબાદ જપ્ત કર્યું. ખલિફાને આ સમાચાર મળતાં તેણે જુનૈદ નામે ઝનૂની સરદારને સિંધના રાજ્યપાલ પદે મૂકીને આક્રમણનો આદેશ આપ્યો. જુનૈદે જયસિંહને પરાજિત કરી કેદ કર્યો. ત્યારબાદ તેણે ગુજરાત અને રાજસ્થાનના સહહદી પ્રદેશો ઉપર આક્રમણો કરી વર્ચસ્વ સ્થાપવાનો પ્રયત્ન કર્યો. પરંતુ લાટ, કાશ્મીર અને કનોજ જેવાં રાજ્યોના રાજાઓના સંયુક્ત પ્રયાસોથી તેની રાજ્યસત્તા અલ્પજીવી નીવડી. યશોવર્મા (કનોજ), લલિતાદિત્ય (કાશ્મીર), નાગ્ભટ્ટ બીજો અને અવનીજનાશ્રય (લાટ) વગેરે પરાક્રમી રાજવીઓએ આરબ આક્રમણકારોને સિંધથી આગળ વધવા દીધા ન હતા તે અત્રે નોંધવું રહ્યું.

જોકે, આરબોના આવા વિજયોનું ખાસ રાજકીય મહત્ત્વ નથી. એમણે હિન્દુઓની કતલ કરી પરંતુ તેમને ઇસ્લામ ધર્મ પાળવાની ફરજ પાડી શક્યા નહિ. જેમ વર્ષો વીતતાં ગયાં તેમ ખલીફાનો આ પ્રદેશમાં રસ ઓછો થતો ગયો. ખલીફાઓની રાજ્યસત્તા નબળી પડતાં સિંધના મુસ્લિમ સૂબાઓને મળતી મદદ બંધ થઈ. પરિણામે આરબ ખિલાફતનો અસ્ત થતાં (ઈ.સ. 836) આરબો સિંધ છોડી ગયા. ત્યારબાદ લગભગ પોણા બસો વર્ષ સુધી ભારતમાં મુસ્લિમ આક્રમણો ન થતાં એકંદરે શાંતિ જળવાઈ રહી.

### આરબોના આક્રમણની અસરો

મુસ્લિમો પાસે ભારતના લોકો કરતાં ઊંચી જાતનાં યુદ્ધશસ્ત્રો હતાં. ભારતના રાજાઓ રણમેદાનમાં હાથીનો ઉપયોગ કરતા, તેના સ્થાને મુસ્લિમ આક્રમણકારીઓએ ઘોડાનો વિશાળ પાયા પર ઉપયોગ કર્યો. જે હાથી કરતા વધુ ઉપયોગી સાબિત થયા. આરબોના વિજય બાદના હિંદમાં શિકાર, મલ્લવિદ્યા અને પ્રાણીઓની સાઠમારી જેવી રમતો દાખલ થઈ. વૈદકશાસ્ત્રમાં યુનાની (ગ્રીક) ચિકિત્સાપદ્ધતિ પણ દાખલ થઈ.

આ સમયના રાજપૂત રાજાઓમાં અપાર વીરતા હતી, શૌર્ય હતું, ઝનૂન હતું, દેશ, ધર્મ અને સ્વામી માટે આત્મ-બલિદાનની તમન્ના હતી. તેમને મતે મૃત્યુ એ જીવનનો એક સહજ પ્રસંગ હતો. રણભૂમિમાં મૃત્યુ મળે તો સ્વર્ગ મળે તેવી એમની દૃઢ માન્યતા હતી. લડતાં લડતાં મરવું એ એક જીવનનો લહાવો હોવાનું તેઓ માનતા. તેમ છતાં આ વીર રાજપૂતો પરાજિત થયા. બાહ્ય મુશ્કેલીથી અલિપ્ત અને શાંતિપ્રિય એવી હિંદની પ્રજા આરબો અને તે પછીના તુર્કોના ઝનૂની પ્રહારોથી હતપ્રભ બની. આ પહેલાં અનેક વિદેશી જાતિઓનાં આક્રમણોના અનુભવો થયા હતા. આવા લોકોને પણ પોતાના સંસ્કાર, વારસા અને ધર્મથી તેમણે પોતાના કરી લીધા હતા. પરંતુ મુસ્લિમો આવતાં પરિસ્થિતિ બદલાઈ. મુસ્લિમો ભારતમાં પોતાનો ધર્મ અને પોતાની સમાજવ્યવસ્થા લઈને આવ્યા હતા. આરબો રાજકર્તા તરીકે સિંધમાં લગભગ એક સદી રહ્યા. એ સમયમાં એ લોકો કંઈક નવું જોવું, જાણવું, શીખવું એ એમનો શોખ હતો. તેઓ મુક્ત મને શીખી લેતા અને અપનાવી લેતા. આ સમય દરમિયાન તેઓએ ભારતીય ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વૈદિકવિદ્યા, સંગીત અને ચિત્રકલા ક્ષેત્રે શિક્ષણ મેળવ્યું. કેટલાક પ્રમાણભૂત ગ્રંથો રામાયણ, મહાભારત વગેરે સંસ્કૃત ગ્રંથોનો અરબી ભાષામાં અનુવાદ કર્યો. કમનસીબે એ યુગના ભારતીય વિદ્વાનો આરબો જેવું મુક્ત અને ગ્રહણશીલ માનસ ધરાવતા ન હોવાને કારણે આરબોની કલા-વિજ્ઞાનક્ષેત્રની વધુ સારી જાણકારી પ્રાપ્ત કરવા માટે તેના સંપર્કનો લાભ ઉઠાવી શક્યા નહિ.

### અગ્નિએશિયા અને પૂર્વ એશિયાના વિશેષ સંદર્ભ સાથે ભારતનો વિશ્વના દેશો સાથેનો સંપર્ક

ભારતમાં મધ્યયુગ દરમિયાન લગભગ પાંચસો વર્ષ રાજપૂતોનું અને પાંચસો વર્ષ મુસ્લિમોનું વર્ચસ્વ રહ્યું. આ સમય દરમિયાન ભારતીય સંસ્કૃતિ અને ઇસ્લામની સંસ્કૃતિના આદાન-પ્રદાનથી ભારતીય સંસ્કૃતિમાં કેટલાંક નવાં તત્ત્વો દાખલ થયાં. ભારતીય લોકોમાં દરિયાઈ પ્રવાસથી વિદેશ જવું તે અનિષ્ટ મનાતું, પરંતુ ઇસ્લામમાં આવા કોઈ પ્રતિબંધો ન હતો. તેથી વિદેશ જવાની અવરજવર વધી અને લોકોની દૃષ્ટિ પણ વિશાળ બની. આપણા દેશની વણઝારો અને વહાણો, દરિયાપારના દેશોમાં વેપાર કરતાં થયાં. એને લીધે સમરકંદ, બલ્ખ (બેકટ્રિયા), ઈરાન, ચીન, જાવા, સુમાત્રા વગેરે પ્રદેશોમાં વ્યાપાર વિકસ્યો.

આરબોએ સિંધમાં વિજય મેળવ્યા બાદ ઘણા આરબો સિંધમાં વસવાટ કરવા લાગ્યા. તેઓ ભારતીય વિદ્વાનોના ગાઢ સંપર્કમાં આવ્યા. તેમની પાસેથી ગણિત, ખગોળ, તત્ત્વજ્ઞાન, વૈદિકશાસ્ત્ર વગેરેનો ઊંડો અભ્યાસ કર્યો. તે સમયે બગદાદમાં

ખલીફાના આમંત્રણથી કેટલાક ભારતીય વિદ્વાનો બગદાદ પણ ગયા હતા. સમય જતાં ભારતીયો પાસેથી મેળવેલ જ્ઞાન-વારસાનો આરબોએ યુરોપના દેશોમાં ફેલાવો કર્યો.

આરબ વ્યાપારીઓ દક્ષિણ ભારતના કિનારાનાં બંદરોએ વ્યાપાર માટે આવતા તેમાંથી ત્યાં કાયમી વસવાટ પણ કર્યો. સમય જતાં દક્ષિણ ભારતના આરબોનું દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં સ્થળાંતર થતાં મલેશિયા, ઇન્ડોનેશિયા વગેરે દેશોમાં પણ ઇસ્લામનો ફેલાવો થયો. મુસ્લિમ સત્તાનો વિસ્તાર વધતા પૂર્વ અને પશ્ચિમના દેશોનો મોટો વેપાર અરબસ્તાન મારફત ચાલતો. એમાં મક્કા વેપારનું મોટું કેન્દ્ર મનાતું. ભારત અને બીજા એશિયાઈ દેશોનો માલ આરબો સીરિયા, મિસર (ઇજિપ્ત), રોમ, ગ્રીસ વગેરે સ્થળોએ પહોંચાડતા. ધર્મની જેમ વેપારે પણ આરબોને વિવિધ દેશોનો પ્રવાસ કરવાની, ત્યાંની પ્રજાઓમાં હળવા-મળવાની તક પૂરી પાડી. ભારતના પૂર્વ કિનારાનાં બંદરોથી અગ્નિ એશિયા સાથે ધમધોકાર વેપાર ચાલતો તો પશ્ચિમ કિનારાના કાંઠે (કેરળ) આફ્રિકા અને પશ્ચિમ એશિયાના દેશો સાથે વેપાર થતો. કેરળ, શ્રીલંકા અને માલદ્વીપ કિનારે આઠમી સદીથી આરબો આવીને વસ્યા હતા. એમણે જ 16 મી સદીમાં વાસ્કો-દ-ગામાની આગેવાની નીચે આવેલા ફિરંગીઓ (પોર્ટુગીઝો)નો સખત સામનો કરેલો. અહીંથી મુલાયમ કાપડ, મરી-મસાલા અને કીમતી પથ્થરોનો મોટા પાયે નિકાસ થવાથી આ પ્રદેશના લોકોને અઢળક ધન મળતું.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

(1) મધ્યયુગનો ઇતિહાસ જાણવા માટેનાં લિખિત સાધનો વિશે માહિતી આપો.

(2) આરબોએ કરેલ સિંધ પરનાં આક્રમણની ચર્ચા કરો.

(3) મધ્યયુગમાં વિદેશથી આવેલા પ્રવાસી લેખકો વિશે નોંધ લખો.

(4) અગ્નિએશિયા અને પૂર્વ એશિયાના દેશો સાથે ભારતના સંપર્કની માહિતી આપો.

(5) આરબ-આક્રમણોની અસરો જણાવો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) ઇસ્લામ ધર્મના સ્થાપક કોણ હતા ?

(2) આરબોના સંપર્કથી ભારતમાં કઈ-કઈ રમતો દાખલ થઈ ?

(3) વિજયનગર સામ્રાજ્યમાં સોનાના સિક્કાઓ કયા નામથી જાણીતા હતા ?

(4) અલબરુની કોણ હતો?

(5) ભારતીય ઇતિહાસમાં મધ્યયુગના કેટલા વિભાગો પડે છે ? કયા-કયા ?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) દિલ્લીના સુલ્તાનોની રાજભાષા કઈ હતી?

(A) ઉર્દૂ (B) ફારસી (C) અરબી (D) હિન્દી

(2) ભારતનો સર્વપ્રથમ ઐતિહાસિક ગ્રંથ તરીકે નીચેનામાંથી કયો ગ્રંથ સ્વીકૃત છે?

(A) ગીતગોવિંદ (B) ભાષ્ય (C) રાજતરંગિણી (D) રામચરિતમાનસ

(3) કયા મુસ્લિમ આક્રમણકારે ભારત પર આક્રમણ કરી સિંધ કબજે કર્યું હતું?

(A) મહમંદ-બિન-કાસીમ (B) મહંમદ ગાઝી (C) મહંમદ હુસેન (D) મહંમદ શાહ

(4) 'શિવબાવની' ગ્રંથના લેખક કોણ હતા?

(A) કવિ ચંડીદાસ (B) કવિ ભૂષણ (C) કવિ કેશવ (D) કવિ કાન્ત

(5) કુંભલગઢનો કિલ્લો કયા રાજ્યમાં આવેલો છે?

(A) ગુજરાત (B) મધ્યપ્રદેશ (C) દિલ્લી (D) રાજસ્થાન

•